ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૧-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

સુનંદા પુષ્કરનું રહસ્યમય મૃત્યુ

કેન્દ્રીય માનવ સંસાધન રાજયમંત્રી શશી થરુર બહુમુખી પ્રતિભા ધરાવતા સોહામણા પુરુષ છે. યુનોના મહામંત્રીપદની ચૂંટણીમાં સફળતા નહીં મળતાં તેઓ સ્વદેશ પરત ફર્યા અને કોંગ્રેસના ઉમેદવાર તરીકે તિરુઅનંતપુરમની લોકસભાની બેઠક પરથી વિજેતા બની મનમોહનસિંહ સરકારમાં રાજયકક્ષાના વિદેશ મંત્રી તરીકે રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ્યા. થરૂર એમના ખુલ્લા વિચારોને કારણે હંમેશા વિવાદમાં રહેતા આવ્યા છે. એમની પંચતારક જીવનશૈલીને કારણે એ કોંગ્રેસ હાઈકમાંડ તરફથી મળતા નિર્દેશો સામે પણ વિદ્રોહ કરતા રહ્યા છે. સાંસદો અને મંત્રીઓને વિમાનના ઈકોનોમી ક્લાસમાં મુસાફરી કરવાના પાર્ટીના નિર્દેશની આકરી મજાક ઉડાડીને એ વિવાદમાં રહેલા છે. સુનંદા સાથેની એમની દોસ્તી આઈપીએલ કૌભાંડ સુધી પહોંચી હતી. એમાંથી બચવા સુનંદાએ કરોડો રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું હતું. શશી થરૂરને મુદ્દે પ્રધાનપદું પણ ગુમાવું પડ્યું હતું. કેન્દ્રીય મંત્રી લિવ-ઈન-રિલેશન રાખે તે ભારતીય લોકમાનસને જચે કે પચે એવી બાબત નહોતી. તેથી અગાઉ બબ્બે વાર પરણીને ડિવોર્સ લેનાર શશી થરૂરે સુનંદા સાથે પદ્ધતિસરનાં લગ્ન કરી લીધાં હતાં. પરંતુ એ લગ્નનો આવો કરુણ અંજામ આવશે એવું તો બે પૈકી કોઈએ સ્વપ્ને પણ નહીં કલ્પ્યું હોય. સુનંદા અને શશી વચ્ચેની ચણભણના મૂળમાં પાકિસ્તાની પત્રકાર સાથેના સંબંધો કારણભૂત ગણાય છે. ખુદ સુનંદાએ આ મુદ્દે કોઈપણ દેશી સ્ત્રી જેવું સંકુચિત વલણ અપનાવ્યું હતું. સ્ત્રી આખરે સ્ત્રી જ રહે છે. એ પોતાના પુરુષ પર બીજી સ્ત્રીનો પડછાયો સુધ્ધાં સહન કરી શકતી નથી. પાકિસ્તાનની નામાંકિત અને તેજ તરાર મહિલા પત્રકાર મેહર તરાર સાથે શશી થરૂરના ટિવટર સંદેશાઓથી વ્યથિત સુનંદાએ મેહરને આઈએસઆઈની એજંટ સુધ્ધાં કહી દીધી હતી. એ પછી શશી થરૂરે પત્નીને ફોસલાવી-પટાવી દાંપત્યજીવનને ફરી પાટા પર લાવવાની કોશિશ કરી હતી. પરંતુ કવિ કલાપીની જાણીતી કવિતાની પંક્તિ ટાંકીને કહીએ તો પંખીને અજાણતાં પણ એની તરફ ફેંકાયેલ પથ્થર પછી એ પથ્થર ફેંકનાર પર ભરોસો નથી જ રહેતોઃ 'લાગ્યા ઘાને વીસરી શકવા કોઈ સામર્થ્ય ના છે!' સુનંદા લાખ થાબડભાણાં પછી પણ પ્રણય ત્રિકોણમાં ફસાયેલા પતિનો વિશ્વાસઘાત સહી ન શકી. બની શકે કે એની શારીરિક બિમારી વધુ તીવ્ર બની હોય અને એથી એ કહેવાતું 'કુદરતી મૃત્યુ' પામી હોય. પરંતુ અંતે પતિની લફરાબાજીએ એનો જીવન લીધો, એવું જ તારણ નીકળતું રહેશે. શારીરિક બીમારીમાં માનસિક યાતના ઉમેરાય છે ત્યારે એ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે અને જલ્દી કાબૂમાં નથી આવતી બલકે ક્યારેક તો જીવલેણ પણ નીવડે છે. વળી, શશી થરૂરની ગેરહાજરીમાં દક્ષિણ દિલ્હીની ફાઈવસ્ટાર હોટલ લીલા પેલેસના સ્યૂટમાં સુનંદાનું મૃત્યુ થયેલ છે. શશી થરૂર આખો દિવસ તાલકટોરા સ્ટેડિયમમાં ચાલતા એઆઈસીસીના અધિવેશનમાં ફીલ્ડિંગ ભરતા રહ્યા. છેલ્લા ટિવટ પરથી ઘણી બધી બાબતો પરથી પડદો ઊઠી જશે. એકલી પડી ગયેલી અને ભારે હતાશા (ડિપ્રેશન)માં સરી ગયેલી માનુનીએ આત્મહત્યા કરી લીધી કે અન્ય કારણસર એનો જીવનદીપ બુઝાઈ ગયો એ તો પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવ્યા પછી અને પોલીસ તપાસ પૂરી થયા પછી જ જાણી શકાશે.

યુવાનોના પથ દર્શક સ્વામી વિવેકાનંદ જીવન વિષય પર વાર્તાલાપ વ્યાયામ મહાવિદ્યાલય સાદરા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે આજના સમયમાં યુવાનો શું કરી શકે છે. તે અંગેની માહિતી આપી હતી. કાર્યક્રમમાં ૧૨૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને ડો. ઉદાજી પરમાર, ડો. વિજય મકવાણા અને ડો. જમનાદાસ સાવલિયાએ જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

'સર્જનાત્મકતા અને ક્લીન સમુદ્ર માટે વિચારો' વિષય પર ચિત્ર અને ક્વીઝ સ્પર્ધા યોજાઈ

શહેરની વિવિધ શાળાના ૨૦૦ વિદ્યાર્થી જોડાયા

ગાંધીનગર, તા. ૧૮

ભારતીય કોસ્ટગાર્ડની ૩૭મી વર્ષગાંઠ નિમિત્તે વન સંશોધન સંકુલ સે. ૩૦ ખાતે આજરોજ શનિવારે શહેરની વિવિધ શાળાના બાળ કલાકારોને પ્રોત્સાહિત કરવા ચિત્ર સ્પર્ધા અને પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૨૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

ભારતીય કોસ્ટગાર્ડની ૩૭મી વર્ષગાંઠ ગાંધીનગર કોસ્ટગાર્ડ દ્વારા અનોખી રીતે ઉજવવામાં આવી હતી. કોસ્ટગાર્ડ દ્વારા વન સંશોધન સંકુલ સે. ૩૦ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોસ્ટગાર્ડ ગાંધીનગર દ્વારા શહેરની શાળાના બાળકો સાથે ઉજવી હતી.

કોસ્ટગાર્ડ વર્ષગાઢ નિમિત્તે ચિત્ર સ્પર્ધા અને ક્વીઝ સ્પર્ધા કરવામાં આવી હતી. જેમાં શહેરની સેંટ ઝેવિયર્સ સ્કૂલ, હિલવૂડ સ્કૂલ, એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, આર.જી. પટેલ ગર્લ્સ સ્કૂલ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સ્વામિનારાયણ હાઈસ્કૂલ અને ગુરુકુળ તેમજ બોરીજ સરકારી પ્રાથમિક શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્પર્ધામાં બાળકોએ વૃક્ષવાવો, પર્યાવરણ બચાવો, હવાનું પ્રદૂષણ અટકાવો, સર્જનાત્મકતા અને ક્લીન સમુદ્ર માટે વિચારો, પૃથ્વી બચાવો જેવા સૂત્રો સાથે ડ્રોઈંગ બનાવ્યા હતા.

તેમજ ક્વીઝ સ્પર્ધા ૨૦૦ બાળકો વચ્ચે ઓપન સ્પર્ધા વન સંશોધન સંકુલના હોલમાં યોજવામાં આવી હતી. જેમાં બાળકોને દરિયાઈ જીવો અને પ્રદૂષણ વિશેના પ્રશ્નો વન વિભાગના ઓફિસર હેમંત સુથાર દ્વારા કરવામાં આવતા હતા. સાચા જવાબ આપનાર વિદ્યાર્થીને સ્થળ પર ઈનામ આપવામાં આવ્યા હતા.

પ્રશ્નોત્તરી સ્પર્ધામાં બાળકોને ગુજરાતનો દરિયા કિનારો કેટલો લાંબો છે? ચેરના જંગલ ક્યા આવેલા છે? તેમજ બાળકોને પિક્ચર બતાવીને પ્રશ્નો પુછવામાં આવતા હતા. પ્રશ્નોત્તરી કાળમાં વિદ્યાર્થીઓનું દરિયાઈ જીવો વિશેનું જ્ઞાન ખુબજ નહિવત પ્રમાણમાં હોય તેમ જણાવ્યું હતું.

બાળકોને દરિયાઈ જીવો વિશેના પ્રશ્નોએ ખુબજ મુશ્કેલીમાં મુકી દીધા હતા. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ સવાલના જવાબો આપવાનું ટાળ્યું હતું. ઘણીવાર વિદ્યાર્થીઓએ વિચિત્ર જવાબો આપીને હાસ્ય ફેલાવ્યું હતું.

ચિત્રસ્પર્ધાના વિવિધ કેટેગરીના વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં જુનિયર કેટેગરીમાં પ્રથમ સંજીવની યાદવ-માઉન્ટકાર્મેલ સ્કૂલ, બીજા સ્થાને બિની પટેલ - માઉન્ટ કાર્મેલ સ્કૂલ અને ત્રીજા સ્થાને દેવાંશી ઓઝા હિલવૂડ સ્કૂલ રહી હતી જ્યારે સિનિયરમાં પ્રથમ પુનમસિંઘ-કેન્દ્રીય વિદ્યાલય-૩, બીજા સ્થાને નીકી અમીન - માઉન્ટ કાર્મેલ સ્કૂલ, ત્રીજા સ્થાને મનોજકુમાર-કેન્દ્રિય વિદ્યાલય-૩, જાનવી પટેલ - એમ.બી. પટેલ પ્રાથમિક સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા હતા.

આ પ્રસંગે ટી.આર.એમ. પ્રસાદ આઈ.એફ.એસ. ફોરેસ્ટ ડી.એફ.ઓ. સોલંકી સાહેબ કુલદીપ સિંઘ શેરોન, ઈન્સ્પેક્ટર જનરલ, તેમજ કોસ્ટગાર્ડના જવાનો, વન વિભાગ સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના માતા-પિતા ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘનું કલેક્ટરને આવેદનપત્ર

આચાર્ય સંઘની પડતર માંગણીઓ સત્વરે ઉકેલવામાં નહી આવે તો આંદોલન કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ દ્વારા આચાર્યોના વિવિધ પડતર પ્રશ્નો અંગે કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં વિવિધ માંગણીઓના ઉલ્લેખ સાથે તેનો સત્વરે ઉકેલ નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારાઈ છે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પડતર પ્રશ્નો પ્રત્યે સરકાર દ્વારા દુર્લક્ષ સેવવામાં આવતા જિલ્લા આચાર્ય સંઘે જિલ્લાકલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યુહતુ. આ આવેદન પત્રમાં છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર ધોરણ આપવા, આચાર્યની નિયુક્તી બાદ દ્વિતીય અને તૃતીય પગાર ધોરણ આપવા, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યને ઉચ્ચત્તર ૧૫૦૦ રૂપિયા આપવા, છઠ્ઠા પગાર પંચ મુજબ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવા, એન્ટ્રી/પેસ્કેલ નાણાં વિભાગના ૧૪મી નવેમ્બર-૨૦૧૧ના ઠરાવનો અમલ કરવા, અગાઉ મળતા પેટ્રોલ એલાઉન્સના ભથ્થાને ગ્રાન્ટમાંથી મૂળ સ્વરૂપે આપવા અને પરિણામ આધારિત ગ્રાન્ટનીતિ રદ કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમણે બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના આચાર્યોને સરકારી માધ્યમિક શાળાના આચાર્યોની જેમ વર્ગ-૨નો દરજ્જો આપવા અને આચાર્યની નવીન ભરતી નિયમોમાં આચાર્ય અનુભવના ૧૦ ગુણ આપવા સાથે આચાર્ય તરીકેનું રક્ષણ આપવાની પણ માંગણી કરેલ હતી.

આવેદનપત્રમાં જિલ્લા આચાર્ય સંઘે રાજ્ય સરકાર દ્વારા લાંબા સમયથી તેમની પડતર માંગણીઓની અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ ના મળ્યો હોવાથી જો હવે સત્વરે તેમના પ્રશ્નો અંગે સરકાર દ્વારા ઘટતુ કરવામાં નહીં વે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. તેવી ચિમકી પણ ઉચ્ચારેલ છે.

હરિની દૃષ્ટિ...

ગાંધીનગરના આ હોલમાં શાંતિથી પ્રોગ્રામ માણી શકો તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક રો આગળ ઊંદરના પાંજરા મુકેલ છે...!

ચૌધરી સ્કુલમાં રમતોત્સવ ૨૦૧૪ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

શહેરની સેકટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે રમતોત્સવ ૨૦૧૪ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓની શારિરીક શકિતઓ વિકસે તે હેતુથી શાળામાં રમતોત્સવ ૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ધોરણ ૧ થી ૮ના ૩૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. વિવિધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતાં.

શુશ્રુષા બર્ડ હેલ્પલાઈને શહેરીજનોનો આભાર માન્યો

ગાંધીનગર, તા. ૧૮

ઉત્તરાયણમાં પતંગ દોરીથી અનેક પક્ષીઓ ઘાયલ થતા હોય છે. જેને ધ્યાને રાખીને શહેરની અનેક સેવાભાવી સંસ્થાઓ પક્ષીઓની વહારે આવે છે ત્યારે સ્વામી નારાયણ હાઈસ્કુલ સે-૨૩ દ્વારા પણ શુશ્રુષા બર્ડ હેલ્પલાઈન શરુ કરી ઘાયલ પક્ષીઓની સારવાર કરી હતી.

સ્વામિનારાયણ ગુરુકુળ ટ્રસ્ટીગણ અને કર્મચારીઓના માર્ગદર્શનથી ઉત્તરાયણ પર્વ નિમિત્તે તા. ૧૨ થી ૧૭ જાન્યુઆરી દરમિયાન શાળા ખાતે શુશ્રુષા બર્ડ હેલ્પલાઈન શરુ કરવામાં આવી હતી. જેમાં ઘાતક દોરીથી શહેરમાં કુલ ૪૮ પક્ષીઓ ઘાયલ થયા હતા. તેમાંથી ૨૮ પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી. સારવારમાં શાળાના વિદ્યાર્થી મીત પટેલ, કુશલ પટેલ અને મોક્ષ પટેલે સેવા આપી હતી.

રીસર્ચ મેથડ્સ વિષય પર કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત યુનિવર્સિટી ઈકોનોમિકસ ટીચર્સ એસોસિએશન અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે ૧૩મી રાજયકક્ષાની વાર્ષિક કોન્ફરન્સ આજ રોજ શનિવારે રીસર્ચ મેથડસ અને મેથડોલોજી વિષય પર યોજવામાં આવી હતી. જેમાં ટીચર્સ એસોસિએશનના પ્રમુખ નટુભાઈ પટેલ, સેક્રેટરી ડૉ. ગૌરાંગભાઈ ત્રિવેદી, આચાર્ય વાડીભાઈ પટેલ, ડી.ટી. કાપડિયા સહિત સમગ્ર ગુજરાતમાંથી ૨૦૦થી વધારે રીસર્ચ સ્કોલર્સ અને એકેડમીશિયન્સ ઉસ્થિત રહી પોતાના રીસર્ચ પેપર્સ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

લાયોનેસ કલબ દ્વારા શ્રમજીવીઓને વસ્ત્રદાન

ગાંધીનગર, તા. ૧૮

શિયાળાની કડકડતી ઠંડીમાં ફૂટપાથ પર વસતા શ્રમજીવીઓને થોડી હૂંફ મળે એ હેતુથી લાયોનેસ કલબ ઓફ ગાંધીનગરની બહેનો દ્વારા ઘરમાંથી જૂની શાલ, સ્વેટરો, ચોરસા તથા અન્ય વસ્ત્રો એકત્ર કરીને વહેંચવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઉતરાયણની આગલી રાત્રે બિસ્કીટ ચીકી વગેરનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવા કાર્યમાં લીઓ પ્રમુખ રાજેશ ગોવડા તથા લીઓની ટીમ હાજર રહી હતી. આ ઉપરાંત લાયોનેસ સેક્રેટરી મીનાક્ષી જયસિંઘાણી, ભૂતપૂર્વ પ્રમુખો તથા લાયોનેસ બહેનોએ હાજર રહી આ સેવા કાર્ય સફળ બનાવ્યું હતું એમ લાયોનેસ પ્રમુખ આરતી ભટ્ટે જણાવ્યું હતું.

પરીણિત સ્ત્રીનો પોતાના પતિ અને બાળકો પ્રત્યેનો અતૂટ પ્રેમ ક્યાંક જોવા મળે છે

ઘરગથ્થું હિંસા સંદર્ભે રક્ષણ અંગેનો કાયદો ૨૦૦૫થી અસ્તિત્વમાં આવેલ છે. પરંતુ અત્યારે ૨૦૧૪માં પણ આપણે તેનો પ્રચાર અને પ્રસાર કરવો પડે છે આ બાબત શું સુચવે છે? અત્યારે પણ રોજબરોજ એવો અનુભવ થાય છે કે ખરેખર જે જે વ્યક્તિઓ અને જે કોઈ સંસ્થાઓ આ બાબત સાથે સંકળાયેલા છે તે તમામ આ બાબતે કાયદાને અનુલક્ષીને જાગૃતિ બતાવે છે કે કેમ? અલબત્ ન્યાય પ્રણાલી અને ન્યાયીક સક્રિયતા જ સૌથી મોટા ભાગ ભજવે છે તેવું ચોક્કસ પણે લાગે છે. ખાસ કરીને જયાં સુધી રહેઠાણના અધિકારનો પ્રશ્ન છે ત્યાં સુધી માત્ર સ્વૈચ્છિક સંસ્થાઓ અને રક્ષણ અધિકારી એટલે કે સર્વિસ પ્રોવાઈડર અને પ્રોટેકશન ઓફિસર અને ત્રીજું અગત્યનું તત્વ તે 'શેલ્ટર' આ ત્રણેય બાબતો સંદર્ભે સાચા અર્થમાં સમસ્યાના ઉકેલ માટે સંવેદનશીલ થવું આવશ્યક છે.

જ્યારે રોજબરોજના સંદર્ભમાં બનતી ઘટનાઓનો વિચાર કરીએ તો એક પ્રકારની ઘટનાઓ એવી બને છે કે, જે દિકરી પરણીને સાસરે ગઈ હોય અને તેણીને જયારે અતિશય ત્રાસ વધી જાય ત્યારે તેણી કંટાળીને ઘર છોડી દે છે અથવા તો તેના સાસરીપક્ષના સભ્યો

સ્વૈચ્છિક સંસ્થાઓ અને રક્ષણ અધિકારી એટલે કે સર્વિસ પ્રોવાઈડર અને પ્રોટેકશન ઓફિસર અને ત્રીજું અગત્યનું તત્વ તે 'શેલ્ટર' આ ત્રણેય બાબતો સંદર્ભે સાચા અર્થમાં સમસ્યાના ઉકેલ માટે સંવેદનશીલ થવું આવશ્યક છે

એવી પરણિત સ્ત્રીને બળજબરીપૂર્વક ઘરમાંથી કાઢી મૂકે છે અને આમ એક સ્ત્રી પોતાની સમક્ષ ભયનું વાતાવરણ ઉભું થવાને કારણે લગ્ન વિષયક ઘર છોડી જાય છે.

બીજા પ્રકારના કેસો એવા બને છે કે એક પરણિત સ્ત્રી પોતાના લગ્ન વિષયક સંસારમાં નાના મોટાં પ્રશ્નોથી ઘેરાયેલી છે. ક્યાંક આ સમસ્યા આર્થિક છે અને આવી આર્થિક બાબતને લઈને સમસ્યા સામાજિક સમસ્યામાં પરિવર્તિત થાય છે, ઘરમાં નાની મોટી કચકચ, રોજબરોજનો કકળાટ અને રોજિંદુ જીવન બોજારૂપ થઈ પડે છે. આવી પરીણિત સ્ત્રીને આવી વિકટ સમસ્યા હોય છતાં પરીણિત સ્ત્રીનો પોતાના પતિ અને બાળકો પ્રત્યેનો અતૂટ પ્રેમ ક્યાંક જોવા મળે છે અને આ બધી સ્થિતિમાં તેણી લગ્ન વિષયક ઘરમાં રહીને પોતાની ઊભી થયેલ લગ્ન વિષયક સમસ્યાનું સમાધાન ઈચ્છે છે. આવા પ્રકારની સામાજિક સમસ્યાવાળી પરીણિત સ્ત્રીઓને એક મોટા વર્ગ જોવા મળે છે, જે સ્ત્રીઓ હરહાલતમાં પોતાના પતિથી અને બાળકોથી છુટા પડવા માંગતી નથી એટલું જ નહીં આવા પ્રકારની સ્ત્રીઓ ઘરના તમામ સભ્યોને કોઈ સમજાવે તે પ્રકારની ઈચ્છા ધરાવતી હોય છે. ત્રીજા પ્રકારની એક સામાજિક સમસ્યા એવી જોવા મળે છે કે પરીણિત સ્ત્રીનો પતિ નોકરી ધંધાના કામ અર્થે પરદેશ જાય અને પરદેશથી કદી પાછો ન આવે. અરે... કેટલાક કેસોમાં તો પતિ પત્નીને કોઈ ધાર્મિક વિધિના બહાને અથવા તો વહેવારીક પ્રસંગના બહાને પરદેશથી ભારતમાં આવે અને ત્યારબાદ થોડા દિવસમાં આવું છું તેમ કહીને જતો રહે. આ પ્રકારની પરીણિત સ્ત્રીઓની લગ્ન વિષયક સમસ્યા સંદર્ભે સામાજિક સુરક્ષા કવચ કેટલા અંશે ઉપયોગી થાય છે તે પણ એક વિચાર માંગી લે તેવી બાબત છે. જેનો પતિ પરદેશથી જવાબ દેતો નથી પરદેશથી પોતાની પત્નીને પૈસા મોકલતો નથી અને પોતાના પત્ની અને બાળકો પ્રત્યે ઘોર ઉપેક્ષા સેવે છે તે પ્રકારની પરીણિત સ્ત્રીઓને આ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ કેવી રીતે મદદરૂપ થાય છે? આવી પરીણિત સ્ત્રીનો પતિ માત્ર ઉપેક્ષા સેવે એટલું જ નહીં પરંતુ જયારે અચાનક તેણીને ખબર પડે કે તેના પતિએ પરદેશમાં બીજા લગ્ન કર્યા છે ત્યારે આવી પરીણિત સ્ત્રીને પડતો કારમો આઘાત નજરે નજર જોયા છે. એક આવી દિકરી તો પોતાના પતિના થયેલ બીજા લગ્ન અને એ બીજા લગ્ન બાદ તે બીજી પત્ની સંદર્ભે ઉજવાતો સીમંતનો પ્રસંગ, આવા પ્રકારની બનેલ ઘટના કદાચ માત્ર મૌખિક રીતે સાંભળીએ તો સાચી પણ ન માનીએ પરંતુ સત્ય બનેલ ઘટના જો જોઈએ તો,

મહિલા સમાજ અને કાયદો
અંક-૨૭
ડો. ભાવના કે. જોશીપુરા

સ્મિતા એક અતિ સુંદર દિકરી, સૌરાષ્ટ્રના અંતરીયાળ ગામડામાં તેનો પ્રાથમિક ઉછેર થયો અને ગ્રામ્ય કક્ષાએ બને છે તેમ દિકરી સ્મિતાના પણ નાની વયમાં લગ્ન થયાં. લગ્ન થઈને પ્રથમ રાજકોટ રહેલ અને ત્યારબાદ તેનો પતિ મુંબઈ વેપાર અર્થે ગયેલ. થોડા સમયમાં સ્મિતાને પણ દુબઈ જવા અંગેની વ્યવસ્થા થઈ ગયેલ અને સ્મિતા પણ અનેક દિકરીઓની જેમ મનમાં ઉમંગ અને ઉત્સાહ સાથે દુબઈ મુકામે પતિ સાથે રહેવા પહોંચી ગઈ. સ્મિતાને દિવસો જતાં બાળકોના જન્મ પણ થયાં. સ્મિતા સંયુક્ત કુટુંબમાં રહેતી હતી અને રોજબરોજનો થોડો ઘણો ત્રાસ અને પતિનું વિચિત્ર વર્તનએ રોજિંદો નિયમ થઈ ગયો. આપણને નવાઈ લાગે કે પરદેશમાં પણ શું ઘરગથ્થું હિંસા થતી રહે?

ભારતમાં થયેલ લગ્નો અને પછી પતિ દુબઈ હોય, લંડન હોય, અમેરિકા હોય, ઓસ્ટ્રેલિયા હોય, સિંગાપુર હોય કે કોઈપણ દેશમાં હોય ત્યાં પતિ સાથે પત્ની સાહજિક રીતે રહેવા જાય અને બંને ભારતીય લોકોનો લગ્ન સંસાર પરદેશમાં શરૂ થાય. આજના યુગમાં વિશ્વના તમામ દેશો એકબીજાથી સંદેશા વહેવારમાં અને ટેકનીકલ યુગને કારણે અનેક રીતે જાણે નજીક હોય તેમ લાગે છે, વળી વેપાર ધંધા અર્થે તો ક્યાંક નોકરી સંદર્ભે ઘણી મોટી સંખ્યામાં ભારતીય લોકો ભારત બહાર સ્થિર થયેલા છે અને તે રીતે જોતાં અને સ્ત્રીઓ લગ્ન કરીને પરદેશ સ્થિર થતી હોય છે. પરદેશ માટેની આપણી માન્યતા એવી કે પરદેશમાં પૂર્ણ સ્ત્રી સ્વાતંત્ર્ય અને મહદ અંશે સ્ત્રીઓની આત્મનિર્ભરતા અને તેને લઈને કેટલીક સામાજિક સમસ્યાઓ કોઈ દિવસ ઉભી જ ન થવી જોઈએ પરંતુ કેટલીક દિકરીઓ તો એવી પણ મળે કે જે અમેરિકાથી ડિપોર્ટ થઈને પાછી આવેલી હોય, એટલે કે તેણીને એરપોર્ટ પરથી મોકલી દેવામાં આવેલી હોય. આવી બધી પરદેશની સમસ્યાઓ અંગે આ કોલમમાં ભવિષ્યમાં વિગતવાર ચર્ચા કરવાના છીએ. પરંતુ જયારે ઘરગથ્થું હિંસા સામે રક્ષણના કાયદાની ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે આવી સ્ત્રીઓને આ કાયદાની કલમ કઈ રીતે ઉપયોગી થાય અથવા તો કાયદો કઈ રીતે સહાયભૂત બને તે બાબત મહત્વની છે.

પ્રથમ તો પરીણિત સ્ત્રી લગ્ન થયા બાદ ભારતમાં જ લગ્ન જીવન વિતાવતી હોય અને ત્યારબાદ પરદેશ જવાનું થયું હોય તો તેવા સંજોગોમાં આવી સ્ત્રીનો મહતમ સ્ત્રીધન અને કરીયાવરએ સાસરી પક્ષના ભારત કે ગુજરાત સ્થિત

જેનો પતિ પરદેશથી જવાબ દેતો નથી પરદેશથી પોતાની પત્નીને પૈસા મોકલતો નથી અને પોતાના પત્ની અને બાળકો પ્રત્યે ઘોર ઉપેક્ષા સેવે છે તે પ્રકારની પરીણિત સ્ત્રીઓને આ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ કેવી રીતે મદદરૂપ થાય છે?

વતન મુકામે જ હોય છે કારણ કે કરીયાવરની કેટલીક ચીજવસ્તુઓ તો પરદેશ ઉપાડીને લઈ જઈ શકાતી નથી અથવા તો પરદેશ લઈ જવામાં હવાઈ મુસાફરીમાં લઈ જવા સંદર્ભેનો મોટો ચાર્જ ભરવો પડે છે. વળી આવા કુટુંબો લગ્ન પ્રસંગે અને સમયાંતરે પોતાના વતનમાં આવતા હોય છે અને તે રીતે મહદ્ અંશે ભારતમાં પહેરી શકાય તેવા પ્રકારના કપડાં અને ઘરેણાં પણ મૂળ સાસરીયાના વતન મુકામે જ હોય છે અને આમ જો આવી સ્ત્રીને તેનો પતિ પરદેશથી કાઢી મુકે અથવા તો છેતરપીંડી કરીને ભારતમાં મુકી જાય તો શું આ પ્રકારની સ્ત્રી 'રહેઠાણનો અધિકાર' અંતર્ગત પતિપક્ષની રહેણાંકની મિલકતમાં રહેઠાણનો અધિકાર માગી શકે? આવી પરીણિત સ્ત્રી પોતાનું સ્ત્રીધન અને કરીયાવર પરત મેળવવા માંગતી હોય તો તેના પતિ અને સાસરી પક્ષના એ પરદેશ છે પરંતુ તેણનીનું સ્ત્રી ધન અને કરીયાવરએ ભારતના મૂળ વતનમાં છે, તેણી આ પરત કેવી રીતે મેળવી શકે?

ઉપરોક્ત મુદ્દાઓ અને પ્રશ્નોના કાયદાકીય ઉકેલ સાથે તેમજ આપણી સ્મિતાના કેસમાં આગળ શું બન્યું તે સાથે મળીએ આવતે અંકે....